ગાંધીનગરમાં મહાશિવરાત્રીની ભાવપૂર્વક ઉજવણી

શિવમંદિરોમાં ભાવિકો ભોળાનાથની ભક્તિમાં તરબોળ થયા : શિવાલયો ભક્તોથી છલકાયા મહિશિવરાત્રિએ મહાપૂજા, લઘુરુદ્ર, ભજન, ધૂન અને મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમોમાં ભાવિકો ઓતપ્રોત થયા

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૨૭

મહાશિવરાત્રીના પવિત્ર પર્વની ઉજવણી અન્વયે શિવાલયોમાં વિશેષ શિવપૂજા, ભજનની રંગત જામી હતી. ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજતા શિવમંદિરોમાં ભક્તિના ઘોડાપુર સાથે ભાવિકોની ભીડ જામી હતી. ભગવાન ભોળાનાથની ભક્તિ-અર્ચનામાં તલ્લીન બનેલા ભાવિકોના લીધે નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગુત થયેલી જોવા મળી હતી. સે. ૨૨ પંચદેવ મંદિર, સે. ૧૬ સોમનાથ મહાદેવ, ઓમકારેશ્વર મંદિર સહીતના શિવમંદિરોમાં દર્શનાર્થીઓ ઉમટી પડ્યા હતા. શિવભક્તોની આસ્થાનું કેન્દ્રસ્થાન ગણાતા વાસણ મહાદેવ મંદિરમાં શિવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સવારથી જ ભોળાનાથની વિશેષ પૂજા અર્ચના, રુદ્રભિષેક, આરતી, લઘુરુદ્ર તેમજ ભજન સહીતના ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. વાવોલના ઓમશાંતિ કેન્દ્રમાં શિવરાત્રીની ઉજવણી નિમિત્તે કેક કાપવામાં આવી હતી.

મહાશિવરાત્રી નિમિત્તે ભગવાન ભોળાનાથની પૂજા-અર્ચના કરવાનો અનોખો મહીમા છે. શિવજીના આશીર્વાદ અને કુપાદંષ્ટિ મેળવવા ભાવિકો ભોલેનાથને રીઝવવા વિશેષ પૂજાવિધિ માટે ઉત્સુક જણાયા હતા. મહાશિવરાત્રીના પાવન પર્વને લઈ નગરના શિવ મંદિરોમાં સવારથી જ દર્શનાર્થીઓની ભીડ જોવા મળી હતી. શીવલીંગ પર પાણી અને દૂધનો અભિષેક કરવાની સાથે બિલીપત્ર ચઢાવી ભાવિકોએ પૂજાવિધિનો લાભ લીધો હતો. શિવાલયો બમ બમ ભોલે અને ઓમ નમઃ શિવાયના જયઘોષથી ગુંજી ઉઠ્યા હતા. નગરના શિવમંદિરોમાં શિવજીની મહાપૂજા સાથે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ભાવિકોને વિશેષ પ્રસાદરૂપે ભાંગનું વિતરણ કરવામાં આવ્યું હતું. સે. ૨૨ પંચદેવ મંદિર, વૈજનાથ મહાદેવ, સે. ૧૬ સ્થિત સોમનાથ મહાદેવ, સે. ૪

● અનુસંધાન પાન-૭ પર

શિવમંદિરોમાં ફૂલોની રંગોળી રોશનીની જગમગાટ

શિવરાત્રી નિમિત્તે નગરના શિવ મંદિરોને પણ વિશેષ રીતે શણગારવામાં આવ્યા હતા. ભગવાન ભોળાનાથની ભક્તિ અર્ચનાની સાથે ભાવિકો દ્વારા શિવ મંદિરોમાં વિશેષ રીતે રંગોળી કરવામાં આવી હતી. ફૂલોની રંગોળી પણ ભાવિકો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. કલોલના નારદીપુર ગામમાં સ્થિત શિવ મંદિરમાં પણ શિવજીની મહાપૂજામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. મંદિરના પટાંગણમાં ભક્તોએ રંગોળી કરી હતી.

સરગાસણમાં મહાશિવરાત્રીના પર્વે અંતિમધામ રુદ્રભૂમિનું લોકાર્પણ કરાયું

ગુડા નિર્મિત સ્મશાનગૃહમાં અદ્યતન સુવિધાઓ ઉભી કરવામાં આવી છે

ગાંધીનગર, તા. ૨૭

શિવરાત્રીના પાવન પર્વએ ગુડા દ્વારા સરગાસણ ખાતે અંતિમધામ રુદ્રભૂમિનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ૩૫૦૦ ચો.મી.ના પ્લોટમાં રૂ. ૩.૫૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા અદ્યતન સ્મશાનગૃહમાં જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

ગુડા દ્વારા સરગાસણમાં નિર્માણ કરાયેલા અંતિમધામ રુદ્રભૂમિનું આજે શિવરાત્રીના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગુડાની ટીપી સ્કીમ નં. ૭ માં સ્થિત પ્લોટ નં. ૬માં અંદાજિત ૩૫૦૦ ચો.મી.ના પ્લોટમાં સ્મશાનગૃહ બાંધવામાં આવ્યું છે. આજે રુદ્રભૂમિની લોકાર્પણવિધિ યોજવામાં આવી હતી.

આ પ્રસંગે ચેરમેન અશોક ભાવસાર, મુખ્ય કારોબારી અધિકારી ડૉ. તારા, અધિક કલેક્ટર ડી.બી. મહેતા, હીસાબી અધિકારી ડી.એન. બ્રહ્મભટ્ટ સહીતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સરગાસણ ગ્રામ પંચાયત સરપંચ સહીત ગામના આગેવાનોની હાજરીમાં ગુડાના ચેરમેને

● અનુસંધાન પાન-૭ પર

મોદીએ એસ.પી.ને નિવાસસ્થાને બોલાવી તલાટી કૌભાંડની વિગતો માંગી...!

મુખ્ય સચિવ અને એક મંત્રી પણ મીટીંગમાં હાજર રહ્યા

ગાંધીનગર, તા. ૨૭

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈ સાંજે ગાંધીનગર એસ.પી.ને નિવાસ સ્થાને બોલાવીને ચકચારી એવા ચંપાવતના તલાટી કૌભાંડની વિગતો માંગી હતી. આ ગુપ્ત બેઠકમાં ગાંધીનગર એસ.પી. ઉપરાંત એક મંત્રી અને મુખ્ય સચિવ પણ હાજર રહ્યા હતાં. તલાટી કૌભાંડમાં તટસ્થ તપાસમાં બહાર આવેલા કસુરવારોની યાદી માંગવામાં આવી કે અન્ય કોઈ સુચના અપાઈ તે બાબત હજુ રહસ્ય છે.

રાજયભરમાં ચકચાર મચાવી દેનાર કલ્યાણસિંહ ચંપાવતના તલાટી ભરતી કૌભાંડના પ્રકરણમાં ભાજપ સાથે ચંપાવતની સાંઠગાંઠની વિગતો ઉછળતા ભાજપે ચુંટણી ટાણે જ ખુદ બદનામી વ્હોરવી પડી છે. આ પ્રકરણમાં એક ડીવાયએસઓ સહિત એક ડોકટર તથા અન્ય કેટલાક એજન્ટના નામો પણ ખુલ્યા છે. કેટલાક મંત્રી સાથે ચંપાવતને ખુબ જ ઘરોબો હોવાનું પણ ખુલ્યું છે ત્યારે આ સમગ્ર મામલાની વિગતો મેળવવા માટે ગઈ સાંજે ગાંધીનગર એસપીને મુખ્યમંત્રીએ નિવાસસ્થાને બોલાવ્યા હતાં. આ મિટીંગમાં મુખ્ય સચિવ ઉપરાંત આ કૌભાંડમાં જે સતત ચર્ચામાં રહ્યા છે તે મંત્રીને પણ બોલાવવામાં આવ્યા હતાં. ખાનગી બેઠકમાં શું રંધાયું તે તો સાહેબ જ જાણે...!

બોર્ડની પરીક્ષામાં ૩૦ હજાર કર્મચારીઓ ફરજ બજાવશે

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૩ માર્ચથી લેવાનારી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા દરમિયાન સમગ્ર રાજયમાં ૩૦ હજાર જેટલા કર્મચારીઓને ફરજ સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા તૈયારીઓ કરવામાં આવી છે. જેમાં કર્મચારીઓને તેમની ફરજની સોંપણી પણ કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. જે કર્મચારીના બાળકો પરીક્ષા આપતા હોય તેમને પરીક્ષાની કામગીરીમાંથી બાકાત રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

શિક્ષણ બોર્ડની પરીક્ષાઓને હવે આંગળીના વેઢે ગણી શકાય તેટલા દિવસો બાકી રહ્યાં છે. પરીક્ષાની કામગીરીને લઈ બોર્ડ દ્વારા પણ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. જેમાં પરીક્ષાની કામગીરીમાં જોડાનારા કર્મચારીઓની યાદી તૈયાર કરી તેમને પરીક્ષામાં કઈ કામગીરી બજાવવાની રહેશે તે અંગેના ઓર્ડરો ઈશ્યુ કરવામાં આવી રહ્યાં હોવાનું જાણવા મળે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે બોર્ડની પરીક્ષા માટે સમગ્ર રાજયમાં ૩૦ હજાર જેટલા કર્મચારીઓને ફરજ સોંપવામાં આવશે. જેમાં મોટા શહેરોમાં વધુ સ્ટાફ ફરજ બજાવવા માટે રોકાશે.

બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલા ૧૨૭૫ પરીક્ષા કેન્દ્રો પર સ્થળ સંચાલકની નિમણુંક કરવામાં આવશે. આ ઉપરાંત દરેક પરીક્ષા કેન્દ્ર પર સરેરાશ આઠથી દસ પરીક્ષા ખંડ હોઈ ત્યાં ખંડ નિરિક્ષકોની નિમણુંક કરાશે. આ ઉપરાંત કેન્દ્રો પરથી પેપર પહોંચાડવાની અને લઈ જવાની કામગીરીમાં ઘણા કર્મચારીઓને ફરજ સોંપવામાં આવશે. આમ પરીક્ષાના સંચાલનમાં જ મોટા ભાગના સ્ટાફ રોકવામાં આવશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ ઉપરાંત બોર્ડની ફલાઈંગ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં પ્રથમવાર શતાવધાન પ્રયોગ

કડી કેમ્પસના ખીમજી વસરામ હૉલ ખાતે બીજી માર્ચને રવિવાર સવારે જૈન મુનિ અભિનંદનચંદ્ર સાગરજી દ્વારા શતાવધાનનો પ્રયોગ : અલગ અલગ પૂછાયેલ સો પ્રશ્નોનો ક્રમ જણાવશે

ગાંધીનગર, તા. ૨૭

સૌ પ્રથમવાર નગરના આંગણે મુનિ શ્રી અભિનંદનચંદ્ર સાગરજી મ.સા. દ્વારા શતાવધાનનો પ્રયોગ રજુ કરાશે. તા. ૨ માર્ચ રવિવાર સવારે ૯-૦૦ કલાકે વશરામભાઈ ખીમજી હોલ કડી કેમ્પસ ખાતે પ્રયોગ નગરજનોની સમક્ષ રજુ કરશે.

સામાન્ય રીતે માનવીને હાલના સમયમાં પોતાના સગાસંબંધીઓનાં મોબાઈલ નંબર પણ યાદ રહેતા નથી ત્યારે શહેરના આંગણે સૌ પ્રથમ વખત નયનચંદ્ર સાગર સુરિશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન અભિનંદનચંદ્ર સાગરજી મ.સા. કડી કેમ્પસ ખાતે શતાવધાનનો પ્રયોગ રજુ કરશે. નગરના બાળકો પોતાનો સ્મૃતિનો વિકાસ કેવી રીતે કરી શકે અને કેટલી હદ સુધી યાદ રાખી શકીએ છીએ તેવો પ્રયોગ રજુ કરવામાં આવશે. આ પ્રસંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે.

મૂળ બનાસકાંઠા જિલ્લાનાં સૂઈ ગામના વતની સુરતની ધરતી પર જન્મેલા અભિનંદનચંદ્ર સાગરજી મ.સા.એ ધોરણ-૫ સુધી અભ્યાસ કર્યો છે. ૧૦ વર્ષે દિક્ષા ધારણ કરી ૧૭ વર્ષની વયે યુવા શતાવધાનની સિદ્ધિ મેળવી છે. શતાવધાન સિદ્ધિ મેળવવા મ.સા. સાડા ચાર વર્ષ સુધી મૌન ધારણ કર્યું હતું.

શતાવધાન એ આત્મસાધના

દ્વારા પ્રાપ્ત થતી મહત્વની સિદ્ધિઓ પૈકી એક સિદ્ધિ છે. 'શતાવધાન' શત એટલે સો અને અવધાન એટલે ધારી રાખવું. પ્રેક્ષકોગણમાંથી અલગ અલગ વિષય પર સો પ્રશ્નો પુછવામાં આવે તે પ્રશ્નોને પુછવામાં આવ્યા પ્રમાણે આબેહુબ જણાવવાની શકિત એટલે શતાવધાન. આ શકિત એટલા માટે વિશિષ્ટ ગણાય છે કે ચિત્ત અને મન, મસ્તિષ્કનું સમન્વય સધાય ત્યારે આ શકિતનો વિકાસ સાધી શકાય.

શતાવધાનકાર પ્રથમ એકથી સો સુધીની બાબતો જણાવશે. પછી તરત સોથી એક સુધી ઉલ્ટા ક્રમમાં પુછાયેલા પ્રશ્નો જણાવશે. ત્યારબાદ પ્રેક્ષકો દ્વારા પુછાયેલા પ્રશ્નોને આ નિયત ક્રમાંકમાં જણાવશે આમ ચાર રીત દ્વારા જવાબ આપવામાં આવશે. શતાવધાનની સિદ્ધિ વૈજ્ઞાનિક સિદ્ધિ કરતા પણ મહાન ગણવામાં આવે છે કારણ કે વિજ્ઞાનની સિદ્ધિ સાધનો દ્વારા થાય છે. જયારે શતાવધાન એ સાધનાથી પ્રાપ્ત થાય છે ત્યારે વિજ્ઞાન અને શતાવધાનમાં જમીન આસમાન જેટલો ફેર હોય છે.

સાધનોથી સિદ્ધિ મેળવ્યા બાદ વિજ્ઞાન સાધના થકી મળતી સિદ્ધિ તરફ આકર્ષાયો છે. એટલે જ વર્તમાનકાળમાં અગણિત વૈજ્ઞાનિકો, ડોકટરો જેવા શિક્ષિત વર્ગે પણ સ્વિકાર કર્યો છે. અભિનંદનચંદ્ર સાગરજી મ.સા. આવનારી નવી પેઢીને કઈ રીતે પોતાના જીવનમાં આધ્યાત્મિકતા, નૈતિકતા તેમજ બૌધ્ધિકતા આગળ વધે તે માટે વિશેષ રસ ધરાવી તે માટે પ્રયત્નશીલ છે. રાજયના સુરત ખાતે પ્રથમ શતાવધાન પ્રયોગ કરવામાં આવ્યો હતો. આ મ.સા.નો બીજો અને શહેરમાં પ્રથમ શતાવધાન પ્રયોગ કરવામાં આવનાર છે ત્યારે કડી કેમ્પસમાં થનાર આ પ્રયોગથી આગામી બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે પણ આ પ્રયોગ મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. આ કાર્યક્રમ નિહાળવા ઈચ્છતા વ્યકિતઓએ ગાંધીનગર સમાચાર અને ગાંધીનગર શ્વેતાંબર મૂ.પૂ. જૈન સંઘ સે-૨૨ ખાતેથી પ્રવેશ પાસ મેળવવાના રહેશે.

(તસવીર : દિપક જાની)

કેવડો વ્હાલો કેશવને... શીવજીને બિલીપત્ર... - ભોળાનાથને બિલીપત્ર ચડાવવાનો મહિમા પારંપારિક છે... મહાદેવને ત્રિદલીય બિલીપત્ર ચડાવવાની પરંપરાને પગલે મહાશિવરાત્રીના પાવન પર્વેશિવાલયોની બહાલ બિલીપત્રનું વેચાણ પણ વ્યાપક પ્રમાણમાં નજરે પડતું હતું. સેક્ટર-૧૬ સોમનાથ મંદિરે બ્રાહ્મણ પરિવારોએ ભગવાન શિવની પૂજન-અર્ચન કરી મહાશિવરાત્રીની ઉજવણી કરી હતી. આ ઉપરાંત વૈજનાથ મહાદેવ, ધોળેશ્વર મહાદેવ, ઓમકારેશ્વર, ત્ર્યંબકેશ્વર, અને પંચદેવ મંદિરના પ્રાંગણમાં ભગવાન શિવને પ્રસન્ન કરવા જળ અને દૂધનો અભિષેક તથા બિલીપત્ર અર્પણ કરી શિવપૂજાનો આનંદ માણ્યો હતો.

જાહેર નિવિદા

આથી રસ ધરાવતા સિવિલ / ઈલેક્ટ્રીક કામના અનુભવી ઈજારદારો / એન્જિનિયરો / કોન્ટ્રાક્ટરો ને નીચે જણાવેલા કામો માટે મજુરી કામના અલગ અલગ આઈટમ સાથેના ભાવો, અગાઉ કરેલા કામની તથા અનુભવની વિગતોની યાદી સીલબંધ કવરમાં આ નિવિદા પ્રકાશિત થયાના ૭ દિવસમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. આવેલ તમામ ભાવો પૈકીના ભાવો માન્ય રાખવા કે રદ કરવા તેનો અબાધિત અધિકાર ટ્રસ્ટીશ્રીઓનો રહેશે.

(૧) મોજે પોર, તા. જી. ગાંધીનગરના બ્લોક નં. ૧૩૮-બમાં સત્સંગ હોલ તથા સંતોના રહેણાંકના રૂમોના બાંધકામ સારૂ આર્કિટેક્ટ અને સાઈટ એન્જિનિયરની નિમણુંક કરવાની હોવાથી તેની કન્સલ્ટીંગ ફી.

(૨) ઉપરોક્ત વિગતોના તમામ બાંધકામ માટે જરૂરી તમામ સિવિલ તથા ઈલેક્ટ્રીક કામ માટેના આઈટમ પ્રમાણેના અલગ અલગ મજુરીના ભાવ.

(૩) બાંધકામ માટે જરૂરી તમામ માલ-સામાનના ભાવ આઈટમ પ્રમાણે

(૪) મોજે પોર, તા. જી. ગાંધીનગરના બ્લોક નં. ૧૩૮-અમાં આવેલ સ્વામિનારાયણ ફાર્મમાં જરૂરી સી.સી.ટી.વી. કેમારાના ભાવ માલ-સામાન તથા ફીટીંગ સાથેના.

રસ ધરાવતી પાર્ટીઓએ પોતાના ભાવ સીલબંધ કવરમાં નીચેના સરનામે પહોંચતા કરવા.

ટ્રસ્ટીશ્રી
શ્રી સ્વામિનારાયણ મંદિર,
અડાલજ, તા.જી. ગાંધીનગર, પીન - ૩૮૨૪૨૧
સહી/-
પટેલ હિતેષભાઈ બાલુભાઈ - ટ્રસ્ટી
પટેલ નરેશભાઈ શામળભાઈ - ટ્રસ્ટી

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડભાલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૨૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

SANGHI CEMENT
Forming Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિશાન) ગ્રેપાઈપ (જુન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com